# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-04-2025** **Morning : 7.10 to 7.20**

**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, વેપાર-ઉદ્યોગમાં સરળીકરણની નીતિ અને વાઇબ્રન્ટ સમિટની સફળતાથી ગુજરાત વિકાસનું રોલ મોડલ બન્યું**
2. **રાજ્યમાં ઇલેક્ટ્રિક વાહનો પરનાં આરટીઓ ટેક્સમાં 5% ઘટાડો**
3. **કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડોક્ટર મનસુખ માંડવિયા આજથી પોરબંદરનાં બે દિવસનાં પ્રવાસે**
4. **રાજ્યના મોટા ભાગના જિલ્લાઓમાં બે દિવસ સુધી ધૂળની ડમરી સાથે પવન ફૂંકાવાની હવામાન વિભાગની આગાહી.**
5. **આઇપીએલમાં, આજે અમદાવાદમાં ગુજરાત ટાઇટન્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે મુકાબલો.**

-----------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# CM ICAI

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, વેપાર-ઉદ્યોગમાં સરળીકરણ માટેની નીતિઓ અને વાઇબ્રન્ટ સમિટની સફળતાથી ગુજરાત વિકાસનું રોલ મોડલ સ્ટેટ બન્યું છે. વિશ્વભરના રોકાણકારોની પ્રથમ પસંદગી ગુજરાત છે.

અમદાવાદ ખાતે ગઈ કાલે યોજાયેલા 'ધ ઇન્સ્ટિટયૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓફ ઇન્ડિયા'ની મેમ્બર્સ મીટમાં ઉપસ્થિત રહેલા મુખ્યમંત્રીએ કહ્યું કે, ગુજરાત વ્યવહારૂ નાણાકીય વ્યવસ્થાપનમાં અગ્રેસર બન્યું છે. તેમણે જણાવ્યું કે,આર્થિક અને સામાજીક જીવનની ઇન્ટેલેક્યુઅલ પ્રોપર્ટી એટલે કે આઈ.પી. તરીકે ચાર્ટર્ડ એકાઉન્ટાન્ટ- સીએ સમુદાયનું મહત્વનું યોગદાન રહેશે. સીએનો વ્યવસાય આજે નાણાં વ્યવસ્થાપન પૂરતો સીમિત નથી. તેઓ વિકસિત ભારતના નિર્માણમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપી શકે છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે, જી.એસ.ટી. લાગુ થવાથી દેશના કરમાળખામાં રહેલી ક્ષતિઓ દૂર થઈ છે વિકાસને ખૂબ મોટો વેગ મળ્યો છે.

---

# CM FICCI FLOW

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે, “વિકસિત ગુજરાત, વિકસિત ભારત”ના નિર્માણમાં ગુજરાતના મહિલા ઉદ્યોગકારો નિર્ણાયક ભૂમિકા ભજવી રહ્યાં છે. રાજ્યમા કોઈપણ સ્થળે મહિલા નીડરતાથી સુરક્ષિત રીતે વેપાર ઉદ્યોગ કરી શકે તે માટેની સુવિધાઓ સરકારે ઉપલબ્ધ કરાવી છે.

ગાંધીનગર ખાતે ગઇ કાલે ફેડરેશન ઓફ ઇન્ડિયન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી – લેડીઝ ઓર્ગેનાઈઝેશન (FICCI–FLO)ની મહિલા સભ્યો સાથે સંવાદ દરમિયાન શ્રી પટેલે જણાવ્યું કે , રાજ્ય સરકારની મહિલા ઉત્થાનની યોજનાઓ અને નીતિઓને પરિણામે આજે ગુજરાતની અનેક મહિલાઓ ઉદ્યોગ સાહસિક બની રહી છે.

મુખ્યમંત્રીએ કહ્યું કે, દીકરીઓને યોગ્ય ભણતર આપવા માટે રાજ્ય સરકારે નમો લક્ષ્મી અને નમો સરસ્વતી જેવી યોજનાઓ અમલી બનાવી છે. તેમણે FICCI FLOની મહિલા સભ્યોને ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારની મહિલાઓને મદદરૂપ થઇ તેમને સ્વાવલંબી બનાવવા માટેના પ્રયાસો કરવા અનુરોધ કર્યો હતો.

---

# EV TAX RELIEF

રાજ્ય સરકારે ટકાઉ પરિવહનને પ્રોત્સાહન આપવા માટે, ઇલેક્ટ્રિક વાહનો પરનાં આરટીઓ ટેક્સમાં પાંચ ટકા ઘટાડો કર્યો છે. આ સાથે ઇલેક્ટ્રિક વાહનો પરનો ટેક્સ ઘટીને માત્ર એક ટકા થઈ ગયો છે.

ગઈ કાલે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ એક્સ પર જણાવ્યું હતું કે , નાગરિકો હવે વાહન 4.0 પોર્ટલ દ્વારા તેમના ઇલેક્ટ્રિક વાહનોની ઓનલાઈન નોંધણી કરાવી શકે છે અને તેનો સીધો લાભ મેળવી શકે છે.

ઉલ્લેખનીય છે કે, ઇવીના વેચાણમાં વધારો કરવા અને પ્રદૂષણની માત્રા ઘટે તે માટે  સરકારે 31 માર્ચ, 2026 સુધી આ કરમુક્તિ આપવાની જાહેરાત બજેટમાં કરી હતી.

---

# MANSUKH MANDAVIYA

કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડોક્ટર મનસુખ માંડવિયા આજથી તેમના લોકસભા વિસ્તાર પોરબંદરનાં બે દિવસનાં પ્રવાસે આવશે. તેઓ , આજે સવારે 10 કલાકે મોટી મારડ , ધોરાજી ખાતે આયોજીત સેવા સેતુ કાર્યક્રમ  માં હાજરી આપશે. બપોરે ત્રણ કલાકે તેઓ મજીવાણા ખાતે પીજીવીસીએલ સબ ડિવિઝનનાં ઉદઘાટન સમારોહમાં ઉપસ્થિત રહેશે. ત્યારબાદ સાંજે ચાર કલાકે પોરબંદરમાં ફટાણા ખાતે સેવા સેતુ કાર્યક્રમમાં હાજરી આપશે.

શ્રી માંડવિયા રવિવારે સવારે સાત કલાકે ભાયાવદર ખાતે        ‘સન્ડે ઓન સાઇકલ’ કાર્યક્રમ દરમિયાન સ્થાનિક લોકો સાથે સાઇકલિંગ કરશે. ત્યારબાદ તેઓ ઉપલેટામાં એસટી બસ સ્ટેન્ડ ખાતે નવા ડેપોનું ખાતમૂહુર્ત અને ઉપલેટા મહેસુલ ભવનનું ખાતમૂહુર્ત કરશે.

ત્યારબાદ શ્રી માંડવિયા ઉપલેટા-પાટણવાવ રોડ પર      33 કરોડ 11 લાખ રૂપિયાનાં ખર્ચે બનનારા પાંચ નવા પુલનું ખાતમુહૂર્ત કરશે.

---

# D TO D EXAM

ડિપ્લોમા ટુ ડિગ્રી ઇજનેરી અને ડિપ્લોમા ટુ ડિગ્રી ફાર્મસીમાં પ્રવેશ માટે આજે કોમન એન્ટરન્સ ટેસ્ટ લેવામાં આવશે. આ વર્ષે 20 હજારથી વધુ વિદ્યાર્થી પ્રવેશ પરીક્ષા આપશે, જેમાં 20થી વધુ રાજ્યોનાં 750થી વધુ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

રાજ્યનાં 33 જિલ્લાનાં 56 કેન્દ્રોમાં પરીક્ષા લેવાશે. આ વર્ષે જૂના વિદ્યાર્થીઓને પણ પરીક્ષા આપવાની અને નિયમિત પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લેવાની તક આપવામાં આવી છે.

---

# JEE MAIN RESULT

આ વર્ષની સંયુક્ત પ્રવેશ પરીક્ષા- JEE મુખ્યના બીજા સત્રનું પરિણામ આજે જાહેર કરવામાં આવશે. રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી- NTAએ એક નિવેદનમાં જણાવ્યું છે કે પરિણામ JEE મેઇન વેબસાઇટ - jeemain.nta.nic.in પર ઉપલબ્ધ થશે. તેમજ તેમાં કટઓફ માર્ક્સ પણ દર્શાવવામાં આવશે. આ પરીક્ષા 2થી 9 એપ્રિલ દરમિયાન લેવામાં આવી હતી.

JEE મુખ્ય પરીક્ષા બે તબક્કામાં, જાન્યુઆરી અને એપ્રિલમાં લેવામાં આવી હતી. જો કોઈ ઉમેદવારે બંને સત્રોમાં પરીક્ષા આપી હોય, તો તેને જે સત્રમાં વધુ ગુણ મળ્યા છે તેના આધારે મેરિટ યાદીમાં સામેલ કરવામાં આવશે.

---

# VISAVADAR & KADI ELECTION

કોંગ્રેસે વિસાવદર અને કડીની પેટા ચૂંટણી સ્વત્રંત રીતે લડવાનો નિર્ણય કર્યો છે. 2022માં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીમાંથી જીતેલા ભૂપત ભાયાણીએ રાજીનામું આપતા આ બેઠક ખાલી પડી હતી. હવે આ બેઠક પર આગામી દિવસોમાં ચૂંટણી યોજાવાની છે.

આ બેઠક પર આમ આદમી પાર્ટી અને કોંગ્રેસનું ગઠબંધન થવાની અટકળો હતી જોકે , કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે વધુ ગઠબંધન કરવાનો ઈન્કાર કર્યો હતો.

**(બાઈટ – શક્તિસિંહ ગોહિલ)**

---

# WEATHER

રાજ્યમાં કાળઝાળ ગરમી વચ્ચે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને કારણે અનેક જિલ્લામાં વાતાવરણમાં પલ્ટો આવી શકે છે. હવામાન વિભાગે અમદાવાદ , ગાંધીનગર ઉપરાંત મહેસાણા , અરવલ્લી, પાટણ, સાબરકાંઠા, ખેડા, આણંદ સહિતનાં અનેક જિલ્લામાં આજે અને આવતી કાલે ધૂળની ડમરી સાથે બપોરે અને સાંજે 20થી 30 કિલોમીટરની ઝડપે પવન ફૂંકાવાની આગાહી કરી છે.

22થી 24 એપ્રિલ સુધી કચ્છ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતનાં દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજવાળું હવામાન રહેશે.

છેલ્લા 24 કલાકમાં રાજ્યમાં સૌથી વધુ 45 ડિગ્રી તાપમાન કંડલા એરપોર્ટ પર નોંધાયું છે.

આ અંગે હવામાન વિભાગના નિયામક ડોક્ટર એ કે દાસે વધુ માહિતી આપી

**(બાઈટ – એ.કે.દાસ)**

---

# DEEPEN DESAI GAU SHALA - LACHHRAS VILLAGE

નર્મદા જિલ્લાના લાછરસ ગામના ગૌ-પાલક દિપેનભાઈ કાંતિભાઈ દેસાઈ તેમની ગૌ-શાળામાં અલગ-અલગ જાતની ગીર ગાયો રાખે છે. તેઓ આ ગાયનાં દૂધમાંથી દહીં, છાશ, માખણ અને ઘી બનાવીને વર્ષે અંદાજીત 3 થી 4 લાખ રૂપિયાની આવક મેળવે છે.

જે ખેડૂતોને ગાય રાખવી ન હોય તેઓ તેમની ગૌ શાળામાથી ગૌમૂત્ર, છાસ અને છાણ આપીને ઘરે જીવામૃત બનાવી પોતાના ખેતરમાં ઉપયોગ કરે છે.

આ અંગે દિપેનભાઇએ વધુ માહિતી આપી....

**(BYTE- DEEPEN DESAI, LACCHRAS)**

---

# CRICKET-IPL

IPL ક્રિકેટમાં, આજે અમદાવાદમાં ગુજરાત ટાઇટન્સનો મુકાબલો દિલ્હી કેપિટલ્સ સામે થશે , મેચ બપોરે ત્રણ વાગે શરૂ થશે જ્યારે અન્ય એક મેચમાં

જયપુરમાં સાંજે સાડા સાત વાગે રાજસ્થાન રોયલ્સ લખનૌ સુપર જાયન્ટ્સ સામે ટકરાશે.

દરમ્યાન ગઇકાલે પંજાબ કિંગ્સે ચેન્નાઈમાં વરસાદથી પ્રભાવિત મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરને પાંચ વિકેટથી હરાવ્યું. પ્રથમ બેટિંગ કરતા બેંગ્લોરે 14 ઓવરમાં 95 રન બનાવ્યા. પંજાબે 11 બોલ બાકી રહેતા 96 રનનો લક્ષ્યાંક હાંસલ કરી લીધો હતો.

---

# WORLD LEVER DAY

યકૃત એટલે કે લીવરને લગતા રોગો પ્રત્યેની જાગૃતિ ફેલાવવા માટે દર વર્ષે 19 એપ્રિલનાં દિવસે “વર્લ્ડ લીવર ડે ” ઉજવવામાં આવે છે. ખોરાકને પચાવવાનું અને તેમાંથી વિટામિન્સ અને મિનરલ્સ શોધીને શરીરને પહોંચાડવાનું કામ યકૃત કરે છે.

જંકફુડ, કસરતનો અભાવ વગેરેને કારણે ફેટી લિવરનાં દર્દીઓ વધ્યા છે. યકૃતની કાળજી રાખવામાં બેદરકારીને કારણે લિવર ટ્રાન્સપ્લાન્ટનાં કેસોમાં પણ વધારો થયો છે.

---